# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

### આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

*****************************************************

- ✓ કુવૈતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેનું સર્વોચ્ચ સન્માન ઓર્ડર ઓફ મુબારક અલ કબીર એનાયત કર્યું.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કુવૈતના અમીર શેખ સાથે ફાર્માસ્યુટિકલ્સ, આઈ.ટી જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહકાર સુદ્રઢ કરવા અંગે ચર્ચા કરી.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ત્રિપુરા માટે 668 કરોડથી વધુ રૂપિયાની 13 વિકાસલક્ષી પરિયોજનાઓનું ખાતમુર્હૂત કર્યું.
- ✓ ગુજરાતના અમદાવાદના નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ બે કિલો ડ્રગ્સ સાથે ચાર વ્યક્તિઓની ધરપકડ કરી.
- ✓ વિદેશી રોકાણકારોએ ડિસેમ્બરમાં અત્યાર સુધીમાં ભારતીય મૂડી બજારોમાં 26,000 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું.
- ✓ વડોદરા ખાતેની મહિલા ક્રિકેટની પહેલી એક દિવસીય મેચમાં ભારતનો વિજય.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EVE. PM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કુવૈતના અમીર શેખ મેશલ અલ-અહમદ અલ-જાબેર અલ સબાહ સાથે મુલાકાત કરી હતી. તેઓએ ફાર્માસ્યુટિકલ્સ, આઈટી, ફિનટેક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુરક્ષા જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહકાર અંગે ચર્ચા કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે ભારત અને કુવૈતે દ્વિપક્ષીય ભાગીદારીને વ્યૂહાત્મક રીતે ઉન્નત કરી છે. તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો કે મિત્રતા આવનારા સમયમાં વધુ ખીલશે.

પ્રધાનમંત્રીએ કુવૈતમાં 10 લાખથી વધુ મજબૂત ભારતીય સમુદાયની સુખાકારી સુનિશ્ચિત કરવા બદલ મહામહિમ અમીરનો આભાર માન્યો હતો. મહામહિમ અમીરે કુવૈતના વિકાસમાં ભારતીય સમુદાયના યોગદાનની પ્રશંસા કરી હતી.

પ્રધાનમંત્રીએ કુવૈત દ્વારા તેના વિઝન 2035ને પરિપૂર્ણ કરવા માટે હાથ ધરવામાં આવેલી નવી પહેલોની પ્રશંસા કરી હતી.

મોડી સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કુવૈતનો પ્રવાસ પૂર્ણ કરી દિલ્હી જવા રવાના થયા હતા.

# PM AL KABIR

કુવૈતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેનું સર્વોચ્ચ સન્માન ઓર્ડર ઓફ મુબારક અલ કબીર એનાયત કર્યું છે. શ્રી મોદી કુવૈતની બે દિવસીય મુલાકાતે છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, પ્રધાનમંત્રી મોદીને દેશ દ્વારા આપવામાં આવેલ આ 20મું આંતરરાષ્ટ્રીય સન્માન છે.

મુબારક અલ કબીરનો ઓર્ડર કુવૈતનો નાઈટહુડ ઓર્ડર છે. તે રાજ્યના વડાઓ અને વિદેશી સાર્વભૌમ અને વિદેશી શાહી પરિવારના સભ્યોને મિત્રતાના સંકેત તરીકે એનાયત કરવામાં આવે છે. મંત્રાલયે જણાવ્યું કે, આ પુરસ્કાર અગાઉ યુએસના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને જ્યોર્જ બુશ અને યુનાઇટેડ કિંગડમના પ્રિન્સ ચાર્લ્સ જેવા વિદેશી નેતાઓને એનાયત કરવામાં આવ્યો હતો.

## PM INTERVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, ભારત અને કુવૈત ઇતિહાસ, સંસ્કૃતિ અને પરસ્પર આદર સાથેના બહુપક્ષીય સંબંધો ધરાવે છે. કુવૈત ન્યૂઝ એજન્સી KUNA ને આપેલા ઇન્ટરવ્યુમાં, શ્રી મોદીએ કહ્યું, મજબૂત સંબંધો ઊર્જા, વેપાર અને રોકાણમાં વધુ વિસ્તરી રહ્યાં છે..

તેમણે કહ્યું કે, વેપાર અને વાણિજ્ય દ્વિપક્ષીય સંબંધોના મહત્વપૂર્ણ આધારસ્તંભ છે અને દ્વિપક્ષીય વેપારમાં વધારો થયો છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ઊર્જા ભાગીદારી દ્વિપક્ષીય વેપારમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેમણે કહ્યું કે, ફાર્માસ્યુટિકલ, હેલ્થ, ટેક્નોલોજી, ડિજિટલ, ઇનોવેશન અને ટેક્સટાઇલ જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વિસ્તારવાની નોંધપાત્ર સંભાવના છે. શ્રી મોદીએ કહ્યું, વાઇબ્રન્ટ ભારતીય ડાયસ્પોરા મિત્રતાને વધુ મજબૂત કરી રહ્યા છે. ભારતની સોફ્ટ પાવર નોંધપાત્ર રીત વધી રહી હોવાનો પણ પ્રધાનમંત્રીએ ઉલ્લેખ કર્યો હતો.

## PM ROZGAR MELA

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવનિયુક્ત ઉમેદવારોને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 71 હજારથી વધુ નિમણૂકપત્ર એનાયત કરશે. દેશભરના 45 સ્થળ પર યોજાનારો આ રોજગાર મેળો રોજગાર સર્જનને વધુ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રીની પ્રતિબદ્ધને પૂર્ણ કરવાની દિશામાં એક પગલું છે, જે દેશનિર્માણ અને સ્વરોજગારમાં યુવાનોની ભાગીદારીને તક પૂરી પાડશે.**

**દેશભરમાંથી પસંદગી પામેલા નવનિયુક્ત ઉમેદવારોની ગૃહ મંત્રાલય, ટપાલ વિભાગ, ઉચ્ચતર શિક્ષણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા નાણાકીય સેવાઓના વિભાગ સહિત વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં નિમણૂક કરાશે.**

# EVE HM-TRIPURA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ત્રિપુરા માટે 668.39 કરોડ રૂપિયાના 13 વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.. તેમણે કહ્યું હતું કે, આ યોજનાઓને કારણે ત્રિપુરાનો વિકાસ વધુ વેગવંતો બનશે.

રાજ્યના ધલાઈ જિલ્લાના મસુરાઈ પારા ખાતે જાહેર સભામાં બોલતા, શ્રી શાહે બ્રુ સમુદાયના સમાધાનના મુદ્દા પર ધ્યાન ન આપવા બદલ રાજ્યની ભૂતપૂર્વ સામ્યવાદી પાર્ટીની સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, 2018માં ભાજપની આગેવાની હેઠળની સરકાર સત્તામાં આવ્યા પછી, બ્રુ સમુદાયના 40 હજાર લોકોની સમસ્યાનું સમાધાન કરાયું હતું.. તેમણે કહ્યું કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં બ્રુના રહેવાસીઓને અગિયાર ગામોમાં વસાવવા માટે સરકારે 900 કરોડ રૂપિયા ખર્ચ્યા છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે બ્રુ સમુદાયના લોકો ગંભીર પીડા સહન કરે છે કારણ કે તેઓ સ્વચ્છ પીવાના પાણીથી વંચિત હતા, વીજ જોડાણ નથી, પ્રાથમિક શિક્ષણ નથી, આરોગ્ય સંભાળ સુવિધાઓનો અભાવ હતો.

## (બાઇટ- અમિત શાહ)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# NCB- AHMEDABAD

ગુજરાતના અમદાવાદના નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે. બે કિલો કેટામાઇન ડ્રગ્સ સાથે ચાર વ્યક્તિઓની ધરપકડ કરી છે. જેમાં એક વ્યક્તિને બેંગ્લોરથી અને ત્રણ નાઇજીરીયન નાગરિકોને દિલ્હીથી ઝડપી પાડ્યા છે.

આ ડ્રગ્સ સેન્ડિકેટ વિવિધ બ્રાન્ડના ગરમ મસાલાના પેકેટમાં ડ્રગ્સ અમેરિકા કૂરિયર દ્વારા મોકલતા હતા. એનસીબીએ અદનાન નામના એક વ્યક્તિની પૂનાથી ધરપકડ કર્યા બાદ તપાસમાં જાણવા મળ્યું હતું કે, અદનાન દિલ્હી સ્થિત નાઈજીરિયન ગેંગ સાથે મળીને ડ્રગ્સની હેરાફેરી કરતો હતો. જેથી એનસીબીએ અગાઉથી મળેલી બાતમીના આધારે

દિલ્હીથી ત્રણ નાઇજીરિયન નાગરિકોની ધરપકડ કરી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## FPIs

વિદેશી રોકાણકારોએ ડિસેમ્બરમાં અત્યાર સુધીમાં ભારતીય મૂડી બજારોમાં 26,000 કરોડ રૂપિયાથી વધુનું રોકાણ કર્યું છે. ડિપોઝિટરીઝના ડેટા મુજબ, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ભારતીય ઇક્વિટી માર્કેટમાં 21 હજાર 789 કરોડ રૂપિયા અને ડેટ માર્કેટમાં ચાર હજાર 646 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેનાથી ભારતીય મૂડી બજારોમાં કુલ ચોખ્ખું રોકાણ 26 હજાર 435 કરોડ રૂપિયા થઈ ગયું હતું.

વિદેશી રોકાણકારોએ નવેમ્બરમાં ઇક્વિટી માર્કેટમાંથી 21 હજરા 612 કરોડ રૂપિયા અને ઓક્ટોબરમાં 94 હજાર 17 કરોડ રૂપિયા ઉપાડ્યા હતા. રસપ્રદ વાત એ છે કે, સપ્ટેમ્બર મહિનામાં 57 હજાર 724 કરોડ રૂપિયાના રોકાણ સાથે ઇક્વિટીમાં FPI ના પ્રવાહ માટે નવ મહિનાની ઊંચી સપાટીએ નોંધાયો હતો.

આ વર્ષે અત્યાર સુધીમાં, FPIs એ ઇક્વિટીમાં 6 હજાર 770 કરોડ રૂપિયા અને ડેટ માર્કેટમાં 1 લાખ 11 હજાર 704 કરોડ રૂપિયાનું ચોખ્ખું રોકાણ કર્યું છે, જે 2024માં ભારતીય મૂડી બજારોમાં કુલ રોકાણને લગભગ 1.2 લાખ કરોડ રૂપિયા સુધી લઈ જશે.

## PM-CHRISTMAS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં નાતાલની ઉજવણીમાં હાજરી આપશે. આ કાર્યક્રમનું આયોજન ભારતના કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે.**

**પ્રધાનમંત્રી ખ્રિસ્તી સમુદાયના મુખ્ય નેતાઓ સાથે વાર્તાલાપ કરશે, જેમાં કાર્ડિનલ્સ, બિશપ્સ અને ચર્ચના અગ્રણી સામાન્ય નેતાઓનો સમાવેશ થાય છે. દેશમાં કેથોલિક ચર્ચના મુખ્યાલયમાં પ્રધાનમંત્રી આ પ્રકારના કાર્યક્રમમાં પહેલીવાર હાજરી આપશે.**

# WOMENS CRICKET

વડોદરામાં રમાયેલી વેસ્ટ ઇન્ડિઝ સામેની પહેલી એક દિવસીય મેચ ભારતે 211 રનથી જીતી લીધી છે.. ભારતે આપેલા 315 રનના લક્ષ્યાંકનો પીછો કરતા વેસ્ટ ઇન્ડિઝી ટીમ 103 રનમાં જ તંબુ ભેગી થઇ ગઇ હતી.. ભારત તરફથી સૌથી વધુ પાંચ વિકેટ રેણુકા સિંઘે લીધી હતી જ્યારે પ્રિતી મિશ્રાએ બે વિકેટ ઝડપી હતી..

ભારતે સ્મૃતિ મંધાનાના 91 અને હરલીન દેઓલે 44 રનની સહાયથી 314 રન બનાવ્યા હતા. કેરેબિયન્સ માટે ઝૈદા જેમ્સે પાંચ, હાર્લી મેથ્યુસે બે અને ડીઆન્ડ્રા ડોટિને એક વિકેટ લીધી હતી.